

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ટાઢ અને દુષ્કાળનું કેન્દ્ર થઈ ગયું છે!*
*દુખોનાં 'રણ'નું પ્રદર્શન થઈ રહ્યું છે!*
*છતાંય દર્શન થઈ રહ્યું છે સખાવતનું -*
*'કચ્છી' 'કૌવત'નું નિદર્શન થઈ રહ્યું છે!*

### હાઈકુ

*જાગતા નથી,*
*હજી ઉડ્યા કરે છે!*
*'ગગનયાને'*

*અનિલભાઈ!*
*સત્તાને ન કે'વાય*
*મોઢું ગંધાય...*

### ચિંતન

*દેવગન્ધર્વ ગોલોકાન્ બ્રહ્મલોકાંસ્તથાપરાન્ ।*
*પ્રાપ્નુવન્તિ મહાત્મનો માતાપિતૃપરાયણાઃ ॥*

ઉપરોક્ત શ્લોક 'અયોધ્યાકાંડ'માંથી લેવામાં આવેલ ચે.

પોતાના માતાપિતાની સેવામાં પરાયણ રહેનારા મહાત્મા પુરુષોને દેવલોક, ગંધર્વલોક, ચંદ્રલોક, બ્રહ્મલોક, અને બીજા પણ ઈચ્છિત લોકોની પ્રાપ્તિ થાય છે, એમાં સંશય નથી.

શ્રી વાલ્મિકી મહર્ષિ અને સંત તુલસીદાસજી એ 'રામાયણ' અને 'માનસ'માં ઠેરઠેર શ્લોકો અને ચોપાઈઓમાં ગુરુ, માતા-પિતા અને પિતૃઓનું ખૂબ જ મહત્ત્વ - દર્શાવ્યું છે.

માતા-પિતાની સેવામાં પ્રવૃત્ત સંતાન કદી પણ દુઃખી થતો નથી તેને માટે બધા જ લોક સન્માનવા તત્પર રહે છે.

### સુવિચાર

- જીવનમાં રાગ સમાન આગ નથી અને શાંતિ સમાન કોઈ સુખ નથી - **ડો. પ્રણવ પંડ્યા**
- નૈતિકતા, વીર હોવા છતાં ક્ષમા કરી દેવાની વૃત્તિ, માતાપિતાને ઈશ્વર તુલ્ય માનવા - એવું પરશુરામનું જીવન શીખવે છે - **બોધિ વૃક્ષ**
- અપને અસૂલ કભી યું ભી તોડને પડે,ખતા ઔરો કી થી ઔર હાથ હમેં જોડને પડે - **ઈકબાલ પટેલ**
- જીવનમાં વ્યક્તત્વને નહીં પણ અસ્તિત્વને ચાહનારા ઓછા મળે છે... જો આવા લોકો મળે તો જવા ના દેતા- **એસ. ભટ્ટાચાર્ય**
- દુઃખ એ પ્રભુનો પેગામ છે - **સંત ફ્રાન્સીસ**
- વિશ્વાસ માત્ર એવા લોકો પણ જ મૂકો કે એ પછી તમારો શ્વાસ અદ્ધર ન કરે - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : કડાના ફુલ સવાર-સાંજ એક ચમચી લેવાથી સર્વ પ્રકારની પ્રમેહમાં ફાયદો થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ભારતીય મૂક સંઘ કાર્યાલય. એ ભારત સરકારનું એક એવું ખાતું હતું કે જે બહેરા-મુંગાની યોગ્ય મદદ કરે. સરકારી તંત્ર એટલે તુમારશાહી હોય. પણ આ કાર્યાલયમાં એવું નહોતું. એ વિભાગના અધ્યક્ષ હતા. સિદ્ધાર્થ ચેટરજી. જેઓ ખૂબ સંવેદનશીલ વ્યક્તિ હતા. એકવાર એક મદનમોહન નામના મૂંગો યુવાન તેમને મળવા આવ્યો. તેણે ચેટરજી સાહેબના હાથમા એણે પાડેલા ફોટાનું આલ્બમ મૂક્યું. ફોટા જોઈને અધ્યક્ષ ખૂબ આશ્ચર્યચક્તિ થયા. તેણે યુવાનને ઈશારો કરીને પૂછ્યું, 'શું આ બધા ફોટા તમે પાડ્યા છે?' યુવાને માથું હલાવી હકારાત્મક જવાબ આપ્યો. અધ્યક્ષ સાહેબે જોયું કે દશ્ય ઝડપવાનો એંગલ, પ્રકાશનું સંયોજન બધું લાજવાબ હતું. આલ્બમ જોવાઈ ગયું એટલે યુવાને અધ્યક્ષ સાહેબના હાથમાં એક અરજી મૂકી. જેમાં ફોટોગ્રાફીના સાધનો ખરીદવા માટે લોનની માંગણી હતી. અરજી વાંચી. સિદ્ધાર્થ ચેટરજીને થયું કે જો આ યુવાનને ફોટોગ્રાફીની વિશિષ્ટ તાલીમ મળે તો એ જીવનમાં કંઈક વિશેષ કરી બતાવી શકે તેટલી શ્રમતા યુવાનમાં છે, જો એને અમેરિકા ભણવા માટે સ્કોલરશીપ અપાવીએ તો મિટિંગમાં ઠરાવ વગેરે કરવા પડે. થોડા વખતમાં અધ્યક્ષે ભારત સરકારના સંબંધિત અધિકારીઓની મંજૂરી લઈ લીધી અને મદનમોહનને અમેરિકા ફોટોગ્રાફીને લગતો વિશેષ કોર્ષ કરવા અમેરિકા મોકલ્યો. મૂંગો મદનમોહન અમેરિકામાં ભણ્યો. વોશિંગ્ટનમાં એને અધ્યાપકની નોકરી પણ મળી ગઈ. પણ એને થયું કે દેશના હજારો બહેરા મુંગા માટે કંઈક કરવું જોઈએ. ૧૯૮૦માં તે પોતાના જેવા બે મૂક અમેરિકન મિત્રોને લઈ ભારત આવ્યો. અને સંકેતની ભાષાનો બસ્સો પાનાનો 'સંકેત કોષ' તૈયાર કર્યો. જો અધ્યક્ષે સરકારી તંત્રની રાહે મદનમોહનની જોડે વર્તન કર્યું હોત તો મદનમોહન ઠેરને ઠોર હોત.

# રાફેલ મુદ્દે સરકાર ભીસમાં

**તંત્રીસ્થાનેથી...**

વર્તમાન સરકારમાં સૌથી વધુ બુદ્ધિશાળી ગણાતા અને પાર્ટી તેમજ સરકાર માટે વારંવાર ટ્રબલ શૂટર સાબિત થયેલા નાણાં મંત્રી અરુણ જેટલી લોકસભામાં રાહુલ ગાંધી સામે રાફેલ મુદ્દે થયેલી તડાફડીમાં વામણા સાબિત થયા છે. થોડાક જ મહિના અગાઉ દેશ અને દુનિયામાં જેમને 'પપ્પુ' કહીને સાવ જ ઉતારી પાડવાની ચેષ્ઠા ચાલતી હતી તે જ ગાંધી પરિવારના રાજકુમાર હવે ફુલ ફ્લેજ્ડ શસ્ત્રસજ્જન થઈ લોકસભા ગજવી શકે છે. મોદીને તેઓ ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક પડકારી શકે છે અને રાફેલ મુદ્દે એમને ગુનેગારના કઠેડામાં ખડા કરી શકે છે. જેટલી જેવા બીમાર વકીલ સિવાય રાહુલને રાફેલ મુદ્દે જવાબ આપવા સક્ષમ એવા કોઈ સંરક્ષણ મંત્રી નથી કે નથી વડાપ્રધાન જાતે એમને મુખોમુખ થવાનું જોખમ ઉઠાવવા તૈયાર. અનિલ અંબાણી જેવા નિષ્ફળ બિઝનેશમેનને ધંધો અપાવવાના વડાપ્રધાનના ઈરાદાને સ્પષ્ટ સંકેત આપતા આ સોદાની સંયુક્ત સંસદીય તપાસનો આગ્રહ એકલા રાહુલ ગાંધી જ નથી કરી રહ્યા. કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીની સાથે સત્તામાં ભાગીદારી કરનાર હિંદુત્વવાદી પાર્ટી શિવસેના પણ જેસીપી તપાસની તરફેણ કરવા લાગી છે. આ મુદ્દે સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરી કલીન ચીટ મેળવવાના થયેલા ષડયંત્રની પણ સૌને ગંધ આવી ગઈ છે. રાફેલ સામે ઢાલ તરીકે બોફોર્સથી લઈ ઑગસ્ટા વેસ્ટલેન્ડ સુધીના શસ્ત્ર સોદાઓમાં ગાંધી પરિવારની ગુપ્ત સામેલગીરીનો ઉલ્લેખ કરીને જેટલી સહિતના ભાજપી અગ્રણીઓ રાહુલની છાપ ખરડવા પ્રયાસ કરે છે અને જેટલીએ હદ તો ત્યારે કરી દીધી જયારે એમને રાહુલ કોઈ Q (ક્યૂ) નામની વ્યક્તિના ખોળામાં રમતા હતા ત્યારે બોફોર્સનો કડકી કાંડ થયો હતો એમ કહી બોફોર્સ કાંડમાં વચેટિયાની ભૂમિકા ભજવનાર અને સોનિયા ગાંધીની રહેમનજર હેઠળ સજામાંથી છટકી જવામાં સફળ થનાર ક્વૉત્રોચીના નામનો ઉલ્લેખ કર્યો. લોકભા એકમેક પર કાદવ ઉછાળવાનું મેદાન બની રહે તે કેવી દયનીય દશા છે! બોફોર્સ હોય, વેસ્ટલેન્ડ સોદો હોય કે રાફેલ સોદા : કોઈ સોદાની શુદ્ધ-અણિશુદ્ધ તપાસ ન થઈ શકતી હોય તે આપણી લોકશાહીની કેવી ઘોર વિડંબના છે! રાહુલ ગાંધી માટે રાફેલ સોદો એ ૨૦૧૯ની ચૂંટણી માટેનું અમોઘ શસ્ત્ર છે. એમાંથી કોરા-નવરા થવાનાં જેટલી બ્રાન્ડ હવાતિયાં કારગત નીવડે એમ નથી લાગતું. સુપ્રીમ કોર્ટે તો રજૂ થયેલ અથવા સરકારે રજૂ કરેલા કાગળિયાં તપાસીને કલીનચીટ આપી દીધી, પરંતુ એમાં રહેલાં છીંડાં શોધી કાઢી યશવંત સિન્હા અને પ્રશાંત ભૂષણ તથા અરુણ શૌરી જેવા બૌદ્ધિકોએ રિવ્યુ પિટીશન દાખલ કરી છે તે જ શું સૂચક નથી? સુપ્રીમ કરોટના ન્યાયાધીશોને પણ સાનુકૂળ ચુકાદા માટે મજબૂર કરવાની વર્તમાન સરકારની ક્ષમતા સંશયાતીત છે ત્યારે પ્રજાની અદાલત શું એના ગુનેગારોને મફતમાં કલીનચીટ આપી દેશે? હજી તો પૂર્વ સંરક્ષણ મંત્રી મનોહર પાર્રિકરના બેડરૂમમાં પડેલા દસ્તાવેજો ચકાડવા પડશે! પરિસ્થિતિ એટલી હદે વસણી ચૂકી છે કે બોફોર્સ - ઑગસ્ટા વેસ્ટલેન્ડ અને રાફેલ સોદાઓ વખતના રાજકીત નેતાઓ બધા પ્રજાને એક જ માળાના મળકા ન લાગે તો જ નવાઈ!

# મૂળ સ્વભાવમાં જાવ



રંગ-ઉમંગ
કાનન ઓઝા

માણસ જન્મ લઈને જગતમાં આવે છે ત્યારે સાથે ભૂતકાળના સંસ્કારો લઈને આવે છે. આ જન્મમાં એ સંસ્કારો કાઢી શકતો નથી. ઉલ્ટું એમાં ઘણાં નવા સંસ્કારો ઉમેરે છે. તે જયારે આ જગતમાંથી જાય છે. ત્યારે ભૂતકાળમાં લાવેલા અને આ જગતમાં સર્જેલા સંસ્કારો સાથે લઈને જાય છે તેનું સ્થૂળ શરીર આ જગતમાં બળે છે કાં દટાય છે. તેથી એ વેદાંત પ્રમાણે 'કારવણ શરીર'માં એ સંસ્કારો લઈ જાય છે. માણસ નવા જન્મમાં નવું શુટીંગ કરતો હોવાની જૂના સંસ્કારોની કેસેટમાં નવાનો ઉમેરો થયા કરે છે.

આ સંસ્કારોને નષ્ટ કરવા એ સૌથી મોટી સાધના છે. પૂર્ણ જાગૃતિ સાથે જીવન જીવવાની અને ધ્યાન અવસ્થામાં જવાથી સંસ્કારોનો ક્ષય થાય છે. પૂર્ણ જાગૃતિ એટલા માટે અનિવાર્ય છે કે કોઈ પણ ક્રિયા, તે શુભ હોય કે અશુભ તે સંસ્કાર નિર્માણ કર્યા વિના નથી રહેતી. જેમ બીજમાંથી અંકુર ફૂટે છે, છોડ બને છે. ડાળ અને પાંદડા બને છે. તેને કળી બેસે છે. કળીનું ફૂલ બને તેમાંથી ફળ ઉત્પન્ન થાય છે. તે જ રીતે માણસ પાસે જે સંસ્કારનો જથ્થો છે. તેનું ફળ તેના સમયે તે આપે જ છે. શુભ સંસ્કારનું ફળ પુણ્ય અને તેનાથી સુખ મળે છે અને અશુભ કર્મનું ફળ પાપ, અને તેનાથી દુઃખ મળે છે. આમ માણસને મળતા સુખ-દુઃકનો એ પોતે જ છે. બીજું કોઈ તેને સુખ-દુઃખ આપી ન શકે. માણસ જયારે કર્મનું ફળ ભોગવે છે. ત્યારે સુખમાં આ શક્તિ અને અહંકાર કરીને તથા દુઃખમાં દ્વેષ કરીને, નિરાશ થઈને કર્મ બાંધે છે. તે પણ તેને જ ભોગવવું પડે છે. આ શરીર દ્વારા જ નવું કર્મ ઉપાર્જન ન થાય. જૂનું કર્મ ખતમ થાય તેવું કરી શકાય છે. પણ મુખ્યત્વે માણસ જૂનું પતાવતો નથી અને નવા ઉત્પત્તિ રોકી શકતો નથી. તેથી તે સુખ-દુઃખ અટકાવી શકતો નથી, જન્મ-મરણ ને ટાળી શકતો નથી. જો આમાંથી મુક્ત થવું હોય તો માણસો જાગૃતિપૂર્વક ધ્યાનમાં જવું પડે.

જાગૃતિપૂર્વક જીવવાથી અશુભ કર્મ ન થાય. શુભ કર્મ પણ ફળેચ્છાયુક્ત નહિ થવાની નવ કર્મ ન બંધાય. વળી ધ્યાનમાં ઓછા સ્પંદનો, ઓછાં કંપનો અને ઓછી ક્રિયા થતી હોવાથી તેમાં જવાની નવાં કર્મ બહુ જ ઓછા થાય છે. તેમ જ શુભ-અશુભ પર, તેની પેલી પાર જવાથી જુનાં કર્મ ભવ પણ છે. તેથી જ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને કહ્યું કે : હે અર્જુન શુભ અને અશુભની પર, પ્રકૃતિથી પણ તેવી ત્રિગુણાતિત અવસ્થામાં તારે જ છે. ત્યાં જવાથી જન્મ અને મરણ પ્રક્રિયામાંથી મુક્ત થવાય છે. વળી ભગવાન કૃષ્ણે એમ પણ કહ્યું છે કે, 'અર્જુન, હું કે તું ન હતા તેવો કોઈ કાળ હતો નહિ અને હું કે તું નહિ હોઈએ તેવો કાળ પણ હશે નહિ, કેમ કે આ શરીર તે હું કે તુ નથી પણ તેમાં રહેલો આત્મા તે તું અને હું છીએ. એ આત્મા' 'અજ' એટલે કે એ જન્મતો નથી, તેનો નાશ થતો નથી. તે અવિનાશી છે. પણ તેણે કરેલ કર્મ ભોગવવા માટે, કર્મ અનુસાર સ્ત્રી, પુરુષ, પશુ કે નારકીનું શરીર મળે છે. માટે જ માણસે પોતાને મળતા શરીર દ્વારા કર્મક્ષય કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

# ભારતમાં સર્વોચ્ચ અદાલતની સ્થાપના કોના સમયમાં થઈ?

### ભારતનો ઈતિહાસ

૧ અહમદીયા આંદોલનના સ્થાપક કોણ હતા ?
(અ) મૌલાના અબુલ કલામ (બ) મિર્ઝા ગુલામ મહંમદ
(ક) મહમદ અલી ઝીણા (ડ) જિયાઉદ્દીન

૨ 'નીલ વિદ્રોહ' ક્યારે થયો હતો ?
(અ) ઈ.સ. ૧૮૫૭ (બ) ઈ.સ. ૧૮૫૯
(ક) ઈ.સ. ૧૮૬૦ (ડ) ઈ.સ. ૧૮૬૧

૩ 'વર્નાક્યુલર પ્રેસ એક્ટ' કયા વાઈસરોયે લાગુ કર્યો ?
(અ) લોર્ડ લિટન (બ) લોર્ડ રિપન
(ક) રોબર્ટ ક્લાઈવ (ડ) વૉરન હેન્સ્ટીંગ

૪ બંગાળનો પ્રથમ ગર્વનર જનરલ કોણ હતો ?
(અ) રોબર્ટ ક્લાઈવ (બ) વિલિયમ બેન્ટીંગ
(ક) વોરન હેન્સીંગ (ડ) લોર્ડ વેલેસ્લી

૫ ભારતમાં રેલ્વે વ્યવસ્થા ક્યારે શરૂ થઈ ?
(અ) ઈ.સ. ૧૮૫૦ (બ) ઈ.સ. ૧૮૫૩
(ક) ઈ.સ. ૧૮૫૭ (ડ) ઈ.સ. ૧૮૬૦

૬ કોંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચેની સમજૂતી કયા નામે ઓળખાય છે ?
(અ) દિલ્હી સમજૂતિ (બ) પટના સમજૂતિ
(ક) લાહોર સમજૂતિ (ડ) લખનઉ સમજૂતિ

૭ હોમરૂલ ચળવળના નેતા કોણ હતા?
(અ) તિલક અને એનીબેસન્ટ (બ) તિલક અને ગોખલે
(ક) ગોખલે અને સરદાર પટેલ (ડ) સરદાર પટેલ અને ગાંધીજી

૮ ભારતમાં સર્વોચ્ચ અદાલતની સ્થાપના કોના સમયમાં થઈ?
(અ) લોર્ડ વેલેસ્લી (બ) લોર્ડ ડેલહાઉસી
(ક) લોર્ડ વિલિયમ બેન્ટીંગ (ડ) લોર્ડ હેસ્ટીંગ

૯ રાજસ્થાનમાં સૌ પ્રથમ ઈ.સ. ૧૮૫૭ની ક્રાંતિ કયા સ્થાનથી શરૂ થઈ હતી ?
(અ) નસીરાબાદ (બ) જયપુર
(ક) ઉદયપુર (ડ) કોટા

૧૦ 'મેરઠ ષડયંત્ર' ક્યારે થયું ?
(અ) ઈ.સ. ૧૯૧૧ (બ) ઈ.સ. ૧૯૨૦
(ક) ઈ.સ. ૧૯૨૯ (ડ) ઈ.સ. ૧૯૩૦

૧૧ ઈ.સ. ૧૯૨૯ના લાહોર અધિવેશનમાં 'પૂર્ણ સ્વતંત્રતા'નું ભાષણ કોણે કર્યું હતું ?
(અ) ગોપાલ કૃષ્ણ ગોખલે (બ) સરદાર વલ્લભભાઈ પટેલ
(ક) સી.આર. દાસ (ડ) જવાહરલાલ નહેરુ

૧૨ ઈ.સ. ૧૯૨૯માં કેન્દ્રીય વિધાનસભામાં બોમ્બ ફેંકવાવાળા ભગતસિંહના સાથી કોણ હતા ?
(અ) બટુકેશ્વર દત્ત (બ) ઉધમસિંહ
(ક) વિનાયક સાવરકર (ડ) સચીન્દ્ર સાન્યાલ

૧૩ ભારતમાં 'મજદૂર દિન' સૌ પ્રથમ ક્યારે મનાવવામાં આવ્યો ?
(અ) ઈ.સ. ૧૯૨૦ (બ) ઈ.સ. ૧૯૨૩
(ક) ઈ.સ. ૧૯૨૫ (ડ) ઈ.સ. ૧૯૨૭

૧૪ 'હિંદુસ્તાન પ્રજાતાંત્રિક સંઘ'ની સ્થાપના કોણે કરી હતી ?
(અ) શચીન્દ્ર સાન્યાલ (બ) બાળ ગંગાધર તિલક
(ક) સી.આર. દાસ (ડ) એ.ઓ. હ્યુમ

૧૫ ફલોરેન્સ નાઈટગેલે કયા અંગ્રેજ અમલદારને 'ભારતના ઉધ્ધારક' કહ્યા હતા ?
(અ) રોબર્ટ ક્લાઈડ (બ) વૉરન હેસ્ટીંગ
(ક) લોર્ડ રિપન (ડ) લોર્ડ ડેલહાઉસી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૪ જાન્યુઆરી :**
  - અંધજનો માટે બ્રેઈનલીપીના શોધક લૂઈ બ્રેઈલનો જન્મ દિવસ (૧૮૦૯)
  - પ્રખર સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠીની પુણ્યતિથિ (૧૯૦૭)
  - મંગળની ધરતી પર સ્પિરિટ યાનનું ઉત્તરાયણ (૨૦૦૪)
  - મ્યાનમારનો સ્વતંત્રતા દિવસ (૨૦૦૧)
- **૫ જાન્યુઆરી :**
  - ગુજરાતમાં સુશસ્ત્ર ક્રાંતિકારીની ફોજ ઊભી કરનાર બારીન્દ્ર ઘોષનો જન્મ (૧૮૮૦)
  - બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનો જન્મદિવસ (૧૯૫૫)
  - ભારતમાં કેન્દ્રીય વેચાણ કર (સેલ્સ ટેક્સ)અમલમાં (૧૯૫૭)
  - અભિનેતા દીપીકા પાદુકોણનો જન્મદિવસ (૧૯૮૬)
- **૬ જાન્યુઆરી :**
  - સાહિત્યકાર અને ચિત્રકાર ખલિલ જિબ્રાનનો જન્મદિવસ (૧૮૮૩)
  - આધુનિક હિન્દી સાહિત્યના પિતા 'ભારતેન્દુ હરિશ્ચંદ્ર'નો જન્મદિવસ (૧૮૫૦)
  - ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ)ની પુણ્યતિથિ (૧૯૯૧)
  - ભારતને ૧૯૮૩માં વર્લ્ડકપ અપાવનાર ક્રિકેટર કપિલદેવનો જન્મદિવસ (૧૯૫૯)
- **૭ જાન્યુઆરી :**
  - ટાઈપરાઈટર શોધક હેનરી મિલે પેટન્ટ કરાવ્યું (૧૭૧૪)
  - સેમ્યુઅલ મોર્સે પ્રથમ ટેલીગ્રાફ (તારનું મશીન) નું નિદર્શન કર્યું (૧૮૩૮)
  - પ્રખર અને લોકપ્રિય વાયોલીન વાદક ગોપીનાથ કેદારનાથ ગોસ્વામીનો જન્મદિવસ (૧૯૧૧)
  - સુપ્રસિદ્ધ રશિયન સાહિત્યકાર એન્ટન ચેખોર્ફનો જન્મદિવસ (૧૮૬૦)
- **૮ જાન્યુઆરી :**
  - થર્મોમીટર, દૂરબીન, પલ્શમીટરના શોધક વૈજ્ઞાનિક ગેલેલીયો ગેલીલીનું નિધન. (૧૬૪૨)
  - ન્યૂ જર્સીમંથી દુનિયાનો પ્રથમ ટેલીગાફ મોકલ્યો (૧૮૩૮)
  - રશિયાએ ચંદ્રયાત્રા માટે માનવરહિત યાન લ્યૂના -૨૧નું પ્રક્ષેપણ કર્યું (૧૯૭૩)
  - આફ્રિકી નેશનલ કોંગ્રેસ સ્થાપના દિવસ
- **૯ જાન્યુઆરી :**
  - નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. હરગોવિંદ ખુરાનાનો જન્મદિવસ (૧૯૨૨)
  - ન્હાનાલાલ દલપતરામ ત્રિવેદીનું નિધન (૧૯૪૬)
  - આઈફોન સિરીઝનો પહેલો સ્માર્ટ ફોન એપલે રજૂ કર્યો (૨૦૦૭)
  - ડિરેક્ટર, પ્રોડ્યુસર અને કેરીયો ગ્રાફર ફરહાન અખ્તરનો જન્મ (૧૯૭૪)
- **૧૦ જાન્યુઆરી : વિશ્વ હાસ્ય દિન**
  - લોક સાહિત્યના ક્ષેત્રે સંશોધન કરનાર અને સંપાદન કરનાર જોરાવરસિંહ જાદવનો જન્મદિવસ (૧૯૪૦)
  - લંડનમાં સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ બેઠક યોજાઈ )૧૯૪૬)
  - બોલીવુડના હેન્ડસમ ઋત્વિક રોશનનો જન્મ (૧૯૭૪)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં એનડીએમાંથી છૂટા પડેલા ઉપેન્દ્ર કુસવાહા કયા પક્ષના નેતા છે?**
**જવાબ : રાષ્ટ્રીય લોક સમતા પાર્ટી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૫) હાર્દિક આર. મકવાણા : સે-૨૪ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ
(૭) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૮) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં એનડીએમાંથી છૂટા પડેલા ઉપેન્દ્ર કુસવાહા કયા પક્ષના નેતા છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# દીયો હૃદયનાં દાન!





અમર વારસો
ડો. રશ્મિકાન્ત મહેતા

હે ભુવન સુંદર ! હે અચ્યુત ! મારે ઘરે મહેમાનો આવ-જા કરે; એમની પાસેથી હું તમારા વખાણ સાંભળ્યાં કરું. આથી મારો સંકોચ છુટી ગયો છે. મારું મન તમારામાં લાગી ગયું છે. તમારું દર્શન મારું કલ્યાણ કરે તેમ છે. (૧)

હે મુકુન્દ ! હે નરસિંહ ! મને ખબર છે, તમે કુળ, શીલ, રૂપ, વિદ્યા, વય, સંપત્તિ બધુ ધરાવો છો. તમે લોકપ્રિય છો. સમજુ અને સંસ્કારી હોય એવી કઈ કન્યાના સમયે તમને વરવા તૈયાર ન થાય?(૨)

પરંતુ હે પ્રભુ! મેં તો તમને મારા મનથી પતિ તરીકે સ્વીકારી જ લીધા છે. મેં મારી જાત તમને સોંપી દીધી છે. હે કમલનેત્ર! હું તમારો, સિંહનો ભાગ છું, તમે સમજીલો. શિયાળ જેવો શિશુપાલ એને સ્પર્શી ન જાય. (૩)

હે બળરાના નાના ભાઈ ! મેં યજ્ઞયાગ કે જનસેવાનાં કાર્યો કર્યા હોય, દાન-વ્રત-નિયમ જાળવ્યા હોય, ગુરુ અને દેવ પૂજ્યા હોય; તો તમે આવો. મારો હાથ ગ્રહણ કરી લો. શિશુપાલ એને સ્પર્શે પણ નહિ. (૪)

હે અજિત ! આવતીકાલે એની સાથો મારો વિવાહ થાય, એ પહેલાં તમે તમારી સેના સાથે છૂપા વેશે ચૂપચાપ આવી જાવ. શિશુપાલ અને જરાશંગને બળપૂર્વક કચડી નાખો ને મારી સાથે રાક્ષસવિધિથી પરણી જાવ. (રાજકન્યાની સંમતિ સાથે, રાજકુમાર એનું અપહરણ કરીને પરણી જાય; એ રાક્ષસવિવાહ છે.) (૫)

આમ તો હું અંતઃપુરમાં હોઉં છું પરંતુ તમે, મારા ભાઈઓને માર્યા વગર મને કઈ રીતે ઉપાડી જઈ શકો; એનો ઉપાય હું બતાવું છું. લગ્ન પહેલાં નવવધુ નગરની બહાર કુળદેવીને મંદિરે જતી હોય છે. ત્યાં દેવી પાર્વતીની પૂજા કરતી હોય છે. (એ રીતે મારે આવવાનું થશે.) (૬)

હે કમલનેત્ર ! તમારા ચરણોની રજ માથે ચડાવવવા શિવજી જેવા મહાપુરુષો ઈચ્છતા હોય છે. એનાથી એમનો અંધકાર છૂટે છે. હવે જો તમારી કૃપા મારા પર નહિ ઊતરે, તો હું વ્રતો કરીને, દેશને કૃશ કરીને મારા પ્રાણ છોડી દઈશ. ભલે મારે સો જન્મ લેવા પણ (પણ તમને મેળવી ને જ જંપીશ) (૭)

માગશર વદ આઠમ રૂકિમણી જયંતીનો દિવસ છે. આ દિવસે વિદર્ભના રાજા ભીષ્મક અને રાણી શુદ્ધમતિને આ કન્યા જન્મી હતી. એનો મોટો ભાઈ રૂકમી એને શિશુપાલ સાથે પરણાવવા માગતો હતો. પરંતુ રૂકમી રૂકિમણીની ઈચ્છા શ્રીકૃષ્ણને વરવાની હતી. એણે સુદેવ નામના વિશ્વાસુ બ્રાહ્મણને શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો. એની સાથે સંદેશો મોકલ્યો. સંદેશામાં ઉપર્યુક્ત સાત શ્લોક કહ્યા. સુદેવે પોતાના તરફથી પણ રૂકિમણીની ભલામણ કરી.

શ્રીકૃષ્ણ પાસે પણ રૂકિમણીની ખ્યાતિ પહોંચી હતી. આ સંદેશો મળ્યો. પછી એ દ્વારિકાથી વિદર્ભ આવ્યા. રુકિમણી નગરની બહાર મંદિરે આવી, ત્યારે બધાને હડસેલીને, શ્રીકૃષ્ણે રુકિણમીનો હાથ પકડીને; રથમાં ચડાવી દીધી. બળરામ એમની સહાયમાં હતા. શત્રુઓને પરાજિત કરીને; સૌ દ્વારિકા આવી ગયા. નગરમાં આનંદ પથરાઈ ગયો.